દર મહિને પ્રગટ થતું
ગુજરાતી વિશ્વકોશનું સંપર્કપત્ર

# વિશ્વવિહાર

વર્ષ : 14 • અંક : 1 • ઓક્ટોબર 2011 • કિં. રૂ. 5




ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનું નવું પ્રકાશન



શ્રી રમણ મહર્ષિ વિશે ચાર ગુજરાતી ગ્રંથોનું લોકાર્પણ કરતા શ્રી ધીરુભાઈ ઠાકર તથા
શ્રી ધીરુબહેન પટેલ, રમણાશ્રમના શ્રી કિશ્નન, શ્રી નારાયણભાઈ દેસાઈ અને ડૉ. વેંકટ રમણન



શ્રી રમણ મહર્ષિના ગ્રંથોના લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત શ્રોતાસમૂહ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી કુમારપાળ દેસાઈ,
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી
સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી
ઑફસેટ, બારડોલપુરા, દરિયાપુર દરવાજા બહાર, અમદાવાદ ૩૮૦ ૦૦૪

•

email : vishvakoshad1@gmail.com • www.vishwakosh.org

છૂટક કિંમત રૂ. ૫/-, વાર્ષિક લવાજમ રૂ. ૫૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ.ઓ.થી જ મોકલવું.

[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# પાકિસ્તાન–અમેરિકા : કથળતા વિદેશસંબંધો

અમેરિકા આર્થિક સંદર્ભે મંદીના વમળમાં ફસાવા સાથે ઘરઆંગણે તથા વિદેશોમાં આતંકવાદનો વરવો સામનો કરી રહ્યું છે. અમેરિકામાં પ્રવર્તતા આતંકવાદનું નિશાન બીન-લાદેન અને તાલિબાનોની આતંકવાદી ગતિ-વિધિઓ હતી. બીજી તરફ પાકિસ્તાન લોકશાહી વિરુદ્ધ સરમુખત્યારશાહીનો (લશ્કરી શાસનોનો) તોફાની ઇતિહાસ ધરાવે છે. લોકશાહીની નિષ્ફળતા સાથે ભૂતકાળમાં લગભગ ચારેક વાર ત્યાં લશ્કરી શાસનની સ્થાપના થઈ. ૧૯૫૮માં ઐયુબખાનનું શાસન આ પ્રકારનો પહેલો બનાવ હતો. પછી યાહ્યાખાન, ઝિયા-ઉલ-હક્ક અને પરવેઝ મુશરફ – એમ અવારનવાર લશ્કરી શાસનો ચાલ્યાં. પાકિસ્તાન આ શાસકીય ઊથલપાથલમાં રાષ્ટ્રીય વિદેશનીતિ પર ધ્યાન આપવાનું ચૂકી ગયું. અમેરિકાની 'છત્રછાયા' હેઠળ પરમાણુસક્ષમ બનેલું પાકિસ્તાન તેના તરફ ઝૂક્યું. પાકિસ્તાની વિદેશનીતિનો આ ઝુકાવ અમેરિકાને ઘણો અનુકૂળ હતો. દક્ષિણ એશિયામાં અમેરિકાને પોતીકું કહી શકાય તેવું થાણું મળ્યું હતું.

શીતયુદ્ધના ગાળામાં અફઘાનિસ્તાન ખાતે રશિયાને હંફાવવા અમેરિકા પાકિસ્તાનને ભરપટ્ટે મદદ કરવા તૈયાર હતું. પાકિસ્તાનને આ મદદ બે સ્વરૂપમાં પ્રાપ્ત થઈ. એક ડૉલર સ્વરૂપની સીધી સહાય અને બીજી લશ્કરી શસ્ત્રોની સહાય. એથી અમેરિકાના સંરક્ષણ-ઉદ્યોગને સમર્થન પ્રાપ્ત થતું હતું તેમજ તેના ડૉલર પાકિસ્તાનના હાથ સુધી ફરીને પાછા અમેરિકામાં જ ઠલવાતા હતા. અમેરિકાને પાકિસ્તાની શાસકોનો આ રવૈયો ઘણો માફક આવ્યો હતો; પરંતુ રશિયાએ અમેરિકામાંથી ઉચાળા ભરતાં અફઘાનિસ્તાનમાં આતંકવાદી પ્રવૃત્તિઓને વેગ મળ્યો અને તે ધીરે ધીરે વકરતો ગયો. પાકિસ્તાનની કુખ્યાત ગુપ્તચર સંસ્થા આઈ.એસ.આઈ. તથા અમેરિકાની દખલગીરી ત્યાં સર્વોપરિ રહી.

પ્રારંભિક અનુકૂળ તબક્કા સાંપડતાં અમેરિકા અને પાકિસ્તાન ત્યાં મજબૂત બન્યા. પરંતુ ક્રમશઃ હિંસક અથડામણોની તાલિબાની પ્રવૃત્તિઓને પણ આથી વેગ મળ્યો. પરિણામે તેની પ્રવૃત્તિઓ છેક અમેરિકા સુધી વિસ્તરી. અમેરિકા વિશ્વભરમાં તેના કહેવાતાં સ્થાપિત હિતો જાળવવા, સરમુખત્યારશાહી નાબૂદ કરવા, સામ્યવાદી શાસનપ્રણાલી ખતમ કરવા લોકશાહીના બચાવના નામે 'લશ્કરી હસ્તક્ષેપ' કરી, બીજા દેશોને ટૂંકાગાળાનો લાભ કરાવે છે. પણ તેનો આ લશ્કરી હસ્તક્ષેપ કાયમી શાંતિને બદલે 'કાયમી અશાંતિ' જે તે દેશમાં ઊભી કરી આપે છે. ઇરાક અને અફઘાનિસ્તાન તેનાં દૃષ્ટાંતો છે. અમેરિકાની વિદેશનીતિના એક મહત્ત્વપૂર્ણ ભાગરૂપ વિશ્વનાં

'નબળાં રાષ્ટ્રો'ને પૂરી પડાતી 'મોટી લશ્કરી–આર્થિક સહાય' આ અશાંતિના મૂળમાં હોય છે.

આ ભૂમિકામાં પાકિસ્તાનની ભૂમિ પર બીન-લાદેનનો ઉછેર થયો. પાકિસ્તાનની સીમામાં ઘૂસી અમેરિકાએ સાવ ચૂપચાપ રીતે તેની હત્યા કરી. આ સંજોગોમાં અમેરિકાએ પાકિસ્તાનની શક્તિશાળી ગુપ્તચર સંસ્થા આઈ.એસ.આઈ.ને આતંકવાદી જૂથોની જનેતા ગણાવી. તેની આ સંસ્થા નવા ઊછરતા હક્કાની આતંકવાદી જાળમાળખાને સમર્થન પૂરું પાડી વિકસવાની સગવડ આપે છે, તેને પ્રોત્સાહિત કરે છે. અફઘાનિસ્તાનમાં 'અમેરિકી ઘટકો પર નિર્લજ્જ, વધુ આક્રમક અને જીવલેણ હુમલા કરી' હક્કાની ત્રાસવાદી જાળમાળખું અમેરિકનોને ભયભીત કરી રહ્યું છે. અમેરિકાએ આ ત્રાસવાદી હક્કાની જાળમાળખું તોડવાનો પાકિસ્તાનને લગભગ આદેશ આપ્યો છે. કારણ ૧૩ સપ્ટેમ્બર ૨૦૧૧ના રોજ હક્કાની જૂથે કાબુલ ખાતેના અમેરિકાના રાજદૂતાવાસ પર આતંકવાદી હુમલો કર્યો હતો. અમેરિકાના લશ્કરી વડા માઇક મુલેને કડક અને સખત શબ્દોમાં આકરી ટીકા કરવા સાથે પાકિસ્તાનને ચીમકી આપી કે આ 'મેલી રમત' બંધ કરો. લશ્કરી વડા માઇક મુલેનનું નિવેદન અમેરિકાની સખ્તાઈની તથા પાકિસ્તાન પ્રત્યેની બદલાયેલા વલણની સાબિતી છે. તો સામે પક્ષે પાકિસ્તાનનાં વિદેશમંત્રી હીના રબ્બાની ખારે ઇસ્લામાબાદની દોસ્તી અમેરિકા ગુમાવશે તેવી ધમકી ઉચ્ચારી છે. બંને દેશો વચ્ચે ગંભીર મતભેદો સર્જાયા છે તેમ પણ આ પાકિસ્તાની વિદેશમંત્રીએ સ્વીકાર્યું હતું. આમ દોસ્તી દુશ્મનીમાં તબદીલ થવાની નિર્ણાયક અને ઐતિહાસિક ઘડીનો સામનો આ દેશો કરી રહ્યા છે.

ઇતિહાસ કરવટ બદલી રહ્યો છે ત્યારે 'ગ્લોબલ કાઉન્ટર ટેરરિઝમ ફોરમ' નામથી નવો વૈશ્વિક ત્રાસવાદવિરોધી મંચ આકાર લઈ રહ્યો છે. અમેરિકી વિદેશમંત્રી હિલેરી ક્લિન્ટને આ નવા મંચની રચનાની ઘોષણા કરતાં જણાવ્યું કે ''આપણે શત્રુઓ જેટલા જ ચપળ'' બનવું પડશે. યુનો મહાસભાની બેઠકની સાથોસાથ ૨૪ સપ્ટેમ્બર ૨૦૧૧ના રોજ ૨૯ રાષ્ટ્રો અને યુરોપિયન સંઘનો સમાવેશ કરતી આ સંસ્થાએ અન્ય દેશોને તેમાં જોડાવા અનુરોધ કર્યો છે. ચીન, ભારત, રશિયા તેમજ દક્ષિણ અમેરિકા અને આફ્રિકાના પ્રાદેશિક પ્રતિનિધિ દેશો તેમાં જોડાઈ રહ્યા છે. આ નવી બહુસ્તરીય સંસ્થાની રચના ત્રાસવાદને નાથી શકશે તો તે મોટી સિદ્ધિ લેખાશે. પાકિસ્તાન–અમેરિકાના કથળતા વિદેશ-સંબંધો દક્ષિણ એશિયામાં અશાંતિનું જોખમ વધારી રહ્યા છે.

**– રક્ષા મ. વ્યાસ**

# ડાયમંડ પ્લેનેટ

હીરાનો બનેલો ગ્રહ હોઈ શકે ? આવી કોઈ વાત કરે તો જલ્દીથી માની શકાય નહીં, પરંતુ વૈજ્ઞાનિકોએ તાજેતરમાં હીરાનો બનેલો ગ્રહ શોધી કાઢ્યો છે. વિજ્ઞાનના વિખ્યાત સામયિક 'સાયંસ'માં તેની ખોજ અંગેનો અહેવાલ છપાયેલ છે. હીરાના બનેલા ગ્રહને ટૂંકમાં 'હીરાનો ગ્રહ' કહી શકાય. અંગ્રેજીમાં તેને 'ડાયમંડ પ્લેનેટ' કહે છે.

આપણે જાણીએ છીએ કે રાજા, મહારાજા, સમ્રાટો અને બાદશાહથી માંડી અદના આદમી સુધી હીરાનું આકર્ષણ રહ્યું છે. સામાન્યતઃ હીરો હંમેશા જાજરમાન ધનાઢ્ય સુંદર સ્ત્રીઓ તથા રજવાડાંનું આકર્ષણ રહ્યો છે. આપણા ઇતિહાસમાં જેનું નામ જાણીતું છે તેવા હીરાનું નામ 'કોહીનૂર' છે. મોગલસમ્રાટ શાહજહાં પાસે તે હતો. આ હીરાએ રજવાડાંઓની ઘણી ઊથલપાથલ જોઈ છે. આજે તે ઇંગ્લૅન્ડની મહારાણીના મુકુટની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. 'કોહિનૂર'નો અર્થ 'પ્રકાશનો પર્વત' થાય છે. પ્રકાશનો ઝગમગાટ વેરતો આ હીરો મૂળ ૧૮૬ કૅરેટનો હતો. આંધ્રપ્રદેશમાં આવેલા ગોલકોંડાની ખાણમાંથી તે મળી આવ્યો હતો. ઇંગ્લૅન્ડની રાણીના મુકુટમાં જડવામાં આવેલો હીરો તેનો એક ભાગ છે. તેનું વજન ૧૦૫.૬ કૅરેટ છે. 'કૅરેટ' હીરાના વજનનું માપ છે. એક 'કૅરેટ' એટલે ૦.૨૦૫૩ ગ્રામ થાય છે. જોકે પ્રમાણભૂત આંતરરાષ્ટ્રીય કૅરેટ ૦.૨૦૦ ગ્રામ બરાબર થાય છે.

આપણે જાણીએ છીએ કે કાર્બન વિવિધરૂપી છે. એ જાણીને આશ્ચર્ય થશે કે ગ્રૅફાઇટ કે જે પેન્સિલની અણીમાં વપરાય છે તે અને હીરો એક જ પદાર્થ છે. કાર્બનનું એક રૂપ ગ્રૅફાઇટ છે. તે કાળાશ પડતો, સુંવાળો અને લીસો પદાર્થ છે. હીરો પણ તેનું જ રૂપ છે પણ તે પારદર્શક અને સખત હોય છે. હીરાના સ્ફટિકમાં પરમાણુની ગોઠવણી અને જોડાણ એવાં છે કે કુદરતમાં મળી આવતા પદાર્થોમાં તે સખતમાં સખત પદાર્થ છે. પૃથ્વીના પેટાળમાં ૨૪૦ માઈલ ઊંડે એટલે કે ૩૮૬ કિલોમીટર ઊંડે ખૂબ જ દબાણ અને અતિ ઊંચા તાપમાને હીરાના પથ્થર અથવા કાચા હીરા બને છે. ત્યાં તાપમાન ૩૦૦૦ અંશ સેલ્સિયસ હોય છે. આપણા રાંધણગૅસની ભૂરી જ્યોતના તાપમાન કરતાં પણ ૧૦૦૦ અંશ સેલ્સિયસ વધારે તાપમાન ગણાય. તેના પર લાગતું દબાણ એક ચોરસ ઇંચ વિસ્તાર એટલે કે એક ટપાલની ટિકિટ જેટલા વિસ્તાર પર ૪૫૩૫૯૨ કિલોગ્રામ વજન મૂકીએ તેટલું હોય. આવા અતિશય તાપમાન અને દબાણ હેઠળ રચાતા હીરા જ્વાળામુખી-પ્રક્રિયામાં સપાટી પર આવે છે. તે ઠરી જાય ત્યારે પૃથ્વીના પોપડામાં શંકુ આકારના પ્લગ રચે છે. ખાણમાંથી મળી આવતા હીરાનાં આકાર અને ચમક આપણે જાણીએ છીએ તેવાં હોતાં નથી. તેને 'કટ' કરીને પછી પૉલિશ કરવામાં આવે છે. આ કામ કૌશલ્ય માંગી લે છે. હીરાની ચમક અને ઝગમગાટ તેના પ્રકાશીય ગુણધર્મને આભારી છે.

અહીં કોઈ એક હીરાની ખોજની વાત નથી, પણ એવા ગ્રહની વાત છે જે હીરાનો બનેલો છે. ખગોળવિજ્ઞાનીઓ તેને ‘ખોજરત્ન’ એટલે કે ખોજોમાં રત્ન તરીકે જાણે છે.

વૈજ્ઞાનિકોની એક આંતરરાષ્ટ્રીય ટીમની એ શોધ છે. તેમણે આપણું સૌરમંડળ જેનો નાનકડો અંશ છે તેવા તારાવિશ્વ(ગૅલેક્સી)ની આકાશગંગામાં એક દળદાર તારો શોધી કાઢ્યો છે. આપણે જાણીએ છીએ કે આપણો સૂર્ય પણ એક તારો છે. તેના જેવા, તેનાથી નાના અને તેનાથી ઘણા મોટા લગભગ ૧૦૦ અબજ તારાઓ આકાશગંગામાં છે. તે પૈકી આ દળદાર તારો વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યો છે. ખૂબીની વાત એ છે કે આ દળદાર તારો કીમતી પથ્થરોના બનેલા નાનકડા ગ્રહમાં રૂપાંતર પામ્યો છે.

વૈજ્ઞાનિકોની આ ટીમમાં ઑસ્ટ્રેલિયા, ઇટાલી, જર્મની, બ્રિટન અને અમેરિકાના વૈજ્ઞાનિકો હતા. તેમણે પ્રથમ તો અસાધારણ તારાની શોધ કરી. તે તારો ‘પલ્સાર’ હતો. તેને ગુજરાતીમાં ‘ઝબૂકતા તારા’ કહે છે. તેમાંથી ઉદ્‌ભવતા રેડિયોતરંગો તારાની તીવ્ર ભ્રમણગતિના કારણે ‘ઝબકારા’ રૂપે પૃથ્વી પર ઝિલાય છે. તેથી તેને ‘ઝબકતા તારા’ કહે છે. ખરેખર તો તે ‘ન્યૂટ્રૉન તારા’ છે. સૂર્ય કરતાં દળદાર તારાની તે અંતિમ સ્થિતિ છે. તેના દ્રવ્યની ઘટ્ટતા અતિશય હોય છે. આ શોધને ચેશાયરની વેધશાળામાં આગળ વધારવામાં આવી. આ પલ્સારનો કૅટલૉગમાં નંબર ‘પીએસઆર જે ૧૭૧૯–૧૪૩૮’ છે.

આ પલ્સાર તારા ફરતો તેનો એક નાનો જોડિયો ગ્રહ પરિભ્રમણ કરતો હતો. તેમણે જાણ્યું કે જોડિયો ગ્રહ પલ્સાર પર ગુરુત્વીય બળ લાગુ પાડે છે.

પલ્સાર ઘણા નાના ખગોળીય પિંડો છે. અગાઉ જોયું તેમ તે સૂર્ય કરતાં દળદાર તારાઓની અંતિમ સ્થિતિ છે. ૨૦ કિલોમીટર કરતાં વધારે વ્યાસ ધરાવતા તીવ્ર ઝડપે ભ્રમણ કરતા તે તારાઓ છે. અત્યંત ઘટ્ટતા ધરાવતા આ તારા એક નાનકડા શહેરના વિસ્તાર જેટલા વિસ્તારના હોય છે. તે રેડિયો-તરંગોની કિરણાવલિનું ઉત્સર્જન કરે છે. તેની ભ્રમણગતિને લીધે તેના આ રેડિયો-તરંગો ઝબકારા રૂપે આવે છે. આ ઝબકારા એટલા તો નિયમિત હોય છે કે જ્યારે પલ્સારની શોધ થઈ ત્યારે એમ જ માનવામાં આવેલું કે કોઈ બુદ્ધિશાળી જીવો આ રેડિયોસંકેતો મોકલી રહેલ છે. પરંતુ આ સંકેતો આવવાનું ભૌતિકવિજ્ઞાન જાણવામાં આવ્યું ત્યારે બુદ્ધિશાળી જીવો અંગેની આશા ઠગારી નીવડી.

સંશોધકોનું માનવું છે કે પલ્સાર ફરતે જે ગ્રહ કક્ષામાં પરિભ્રમણ કરે છે તે એક દળદાર તારામાંથી રૂપાંતર પામેલ છે. સંશોધકોના મતે મૂળભૂત તારાનું દ્રવ્ય પલ્સાર તરફ ખેંચાઈ જતાં જે બાકી રહેલ છે તે આ ગ્રહ છે અને તે ‘ડાયમંડ પ્લેનેટ’ છે.

આ જોડિયો ગ્રહ નાનો છે. તેનો વ્યાસ ૬૦૦૦૦ માઈલ કરતાં ઓછો છે. પૃથ્વીના વ્યાસ કરતાં અંદાજે પાંચ ગણો વ્યાસ ધરાવે છે, પરંતુ તે પલ્સારથી એટલો નજીક છે કે એ થોડોક પણ વધારે મોટો હોત તો તારાના ગુરુત્વીય બળથી તે ચિરાઈ ગયો હોત અને તેનાં છોતરાં ઊડી ગયા હોત. પલ્સાર તારો એક મિનિટમાં ૧૦૦૦૦ ભ્રમણ કરે છે. તેનો વ્યાસ ૨૦ કિલોમીટર જેટલો હોય છે પરંતુ તેનું દળ સૂર્યના દળ કરતાં ૧.૪ ગણું હોય છે.

પલ્સાર નાનકડો તારો છે. તેની ફરતે આ અદ્‌ભુત ગ્રહ ઝડપથી પરિભ્રમણ કરી રહ્યો છે. આ અદ્‌ભુત ગ્રહ હીરાનો બનેલો છે. આ નવો ગ્રહ જાણવામાં આવેલા ગ્રહો કરતાં ઘણો જ વધારે ઘટ્ટ છે. તે મોટે ભાગે કાર્બનનો બનેલો છે. તે એટલો ઘટ્ટ છે કે વૈજ્ઞાનિકોની ગણતરી પ્રમાણે કાર્બન સ્ફટિકી હોવો જોઈએ તેથી આ વિચિત્ર ગ્રહનો મોટો ભાગ હીરાનો હોવો જોઈએ.

આ ગ્રહની ઉત્ક્રાંતિનો ઇતિહાસ અને અચંબો થાય તેટલું તેનું ઘટત્વ સૂચવે છે કે તે કાર્બનનો બનેલો હોવો જોઈએ એટલે કે તે એવો દળદાર હોવો જોઈએ જે પલ્સાર એટલે કે ન્યૂટ્રૉન તારાની ફરતે કક્ષામાં દર બે કલાક અને ૧૦ મિનિટ પરિભ્રમણ કરતો હોવો જોઈએ. તે કક્ષા એટલી તો તંગ અને બંધબેસતી હશે કે આપણા સૂર્યમાં તે ગોઠવાઈ જાય. તે આપણી પૃથ્વીથી ૪૦૦૦ પ્રકાશવર્ષ દૂર છે. તે સંભવતઃ એક વખતના દળદાર તારાનો અવશેષ છે. આ દળદાર તારાએ પોતાનાં બહારનાં પડોને, પલ્સાર તારાની કક્ષાને ગુમાવ્યાં હતાં. હવે જે જોવા મળેલ તે દળદાર તારાના અવશેષો છે.

પલ્સાર પીએસઆર જે ૧૭૧૯–૧૪૩૮નો કિરણપુંજ પૃથ્વી ઉપરથી ખગોળમાં ઊંચે નિયમિત રીતે ઝપાટાભેર પસાર થાય છે. ખગોળવિજ્ઞાનીઓએ તેમાં વણદેખાયેલા જોડિયા ગ્રહના ગુરુત્વીય ખેંચાણથી થતી વધઘટ પારખી. આ માપનો સૂચવે છે કે એક ગ્રહ પલ્સાર તારાની ફરતે દર બે કલાક અને દશ મિનિટે પરિભ્રમણ કરે છે. તેનું વજન ગુરુના ગ્રહ કરતાં થોડું વધારે છે, પરંતુ તે ૨૦ ગણો વધારે ઘટ્ટ છે.

કાર્બન ઉપરાંત આ નવો ગ્રહ ઑક્સિજન પણ ધરાવે છે. તે સપાટી પર વધારે હોય છે અને કાર્બનથી સમૃદ્ધ થતા જતા હાર્દ તરફ જઈએ તેમ તેમાં ભાગ્યે જ વધારો થતો થાય છે. તેનું ઊંચું ઘટત્વ સૂચવે છે કે ગુરુના ગ્રહ જેવા વાયુના મહાકાય ગોળાની જેમ તેમાં હાઇડ્રોજન અને હીલિયમ જેવાં હલકાં તત્ત્વો ગેરહાજર હોય છે.

આ અલૌકિક અને અદ્‌ભુત જગતની અછડતી વાત થઈ. નજીકથી તે કેવું હશે તે તો હજુ રહસ્ય જ છે.

**– વિહારી છાયા**

# સત્યાગ્રહ એટલે શું ?

સત્યાગ્રહમાં મુખ્ય વાત સામેના માણસનો વિચાર બદલવાની છે. પોતે શુદ્ધ વિચાર કરવો, સામેના માણસને સમજાવીને એને ગળે ઉતારવો, આપણા વિચારમાં કાંઈ દોષ દેખાય તો તેનું શોધન કરવું, એ જ ખરા સત્યાગ્રહનું સ્વરૂપ છે. આ જે વિચારશક્તિ પર વિશ્વાસ છે, એનું નામ જ સત્યાગ્રહ. સત્યાગ્રહ એટલે કોઈ અડંગો લગાવવાની કે દબાણની વાત નથી.

આજકાલ ઉપવાસ-બુપવાસને સત્યાગ્રહ માની લેવાય છે. જેમ તાલ કૂટવા અને બરાડા પાડવાને ભક્તિ માની લેવાય છે તેમ. ઉપવાસ અને ક્લેશસહન પણ રાજસ-તામસ વૃત્તિથી પ્રેરાયાં હોય, તો સત્યાગ્રહને બદલે દુરાગ્રહનાં લક્ષણ થઈ શકે છે. એ કોઈની સામે તાકેલી પિસ્તોલ જેવાં થઈ પડે છે.

આપણા આવડા મોટા દેશમાં, જ્યાં અનેક ભાષાઓ, જાતિઓ, પંથો ને ધર્મો છે; જ્યાં અસંખ્ય સવાલો સળવળ્યા જ કરે છે ને જનતાની મુસીબતોનો પાર નથી; ત્યાં એકએક સવાલ ઉપાડીને એકએક જણ જો સરકાર સામે ઉપવાસ માંડી બેસે, તો તો ભારે અનવસ્થા ઊભી થાય. અને સરકાર પણ જો આવા એકએક ઉપવાસ સામે ઝૂકતી જાય, તો તે સરકાર નાલાયક સાબિત થાય.

આજે દેશ સ્વતંત્ર થયો છે. લોકશાહી પદ્ધતિથી દેશનો કારભાર ચાલે છે. જનતા પાસે જઈ પોતાના મતનો પ્રચાર કરી લોકમતને પોતાના મત સાથે મળતો કરવાની દરેકને સ્વતંત્રતા છે. લોકોને તમારો વિચાર સમજાવવો; પછી જનતા તે પ્રમાણે સરકાર પાસે કરાવશે.

ધારો કે કોઈ એક સવાલ છે. તેમાં સત્ય મારા પક્ષમાં છે, એવું મને ભાસે છે. હવે, પેલો સામેનો માણસ મારું કાંઈ માનતો નથી. તો મેં શરૂ કર્યો સત્યાગ્રહ – અને સત્યાગ્રહ એટલે ઉપવાસ ! પછી પેલાએ પણ ઉપવાસ શરૂ કર્યા. હવે આનો નિર્ણય શી રીતે કરવો કે સત્ય કોને પક્ષે છે ? ધારો કે ઉપવાસ કરવાની શક્તિ પેલામાં વધારે છે, તો એના પક્ષમાં સત્ય છે એમ સમજવાનું કે ? ભૂખ્યા રહેવાની શક્તિ ઉપર જો સત્યનો નિર્ણય થાય, તો કુસ્તી ઉપર સત્યનો નિર્ણય કેમ ન કરવો ? તો પછી કોઈ જૈન ધર્મી મારી સામે હોય, તો મને હરાવી જ દે, કારણ કે ઉપવાસની શક્તિમાં હું તેની સામે ટકી જ ન શકું.

સત્યાગ્રહની શક્તિ તિતિક્ષા નથી. સત્યાગ્રહમાં આપણે સહન કરવું પડે, એ જુદી વાત. પણ સહન કરવું એને જ હથિયાર બનાવવું કે, ‘‘આવી જાઓ ! હવે હું સહન જ કરું છું.’’ – તે બરાબર નથી. સત્ય સ્થાપિત કરવા વિચાર સિવાય બીજી કોઈ શક્તિ નથી.

*[સંકલિત કરનાર : મહેન્દ્ર મેઘાણી, પ્રસારક : લોકમિલાપ]*

## શતાબ્દી-વંદના

# આહ્‌લાદક કવિતાના ઉદ્‌ગાતા


પ્રહ્‌લાદ પારેખ

ગાંધીયુગના ઉત્તમ અને આસ્વાદ્ય કવિઓમાંના એક તે પ્રહ્‌લાદ પારેખ. તેઓ ઓછાબોલા કવિ; પરંતુ મર્માળા કવિ. એમના કાવ્યસંગ્રહો તો બે જ : 'બારી બહાર' (૧૯૪૦) અને 'સરવાણી' (૧૯૪૮). આજેય મમળાવવાં ગમે, ગાવાં ગમે એવાં સરસ કાવ્યો આપણને એ સંગ્રહોમાંથી મળે છે. તેઓ હાડે છે ઊર્મિકવિ – ગીતકવિ. 'છેલ્લી પૂજા', 'પરાજયની જીત', 'દાન' જેવાં કથાત્મક–ઘટનામૂલક કાવ્યો તેમની પાસેથી મળ્યાં છે પરંતુ તેમની પ્રતિભાનો બળવાન ચમત્કાર તો ઊર્મિકાવ્યોમાં – કેટલાંક ગીતો, સૉનેટો ને અન્ય છંદોબદ્ધ કાવ્યોમાં.

ગાંધીયુગના વિપુલતાની તુલનામાં ગુણવત્તાની દૃષ્ટિએ વધુ ધ્યાનાર્હ કવિઓમાં કૃષ્ણલાલ શ્રીધરાણી અને હરિશ્ચન્દ્રની સાથે પ્રહ્‌લાદ પારેખનું નામ દેવું જોઈએ. કૃષ્ણલાલ શ્રીધરાણી, પ્રહ્‌લાદ પારેખ, બાલમુકુન્દ દવે અને પ્રિયકાન્ત મણિયાર જેવા કવિઓ આપણને 'શુદ્ધ કવિતા'(pure poetry)ની, સૌન્દર્યનિષ્ઠ કવિતાની ભૂમિકાને પોતાના કવિકર્મથી સમર્થિત કરતા જણાય છે. ગાંધીયુગનો અને ગાંધીજીનો પ્રભાવ અનુભવ્યા પછીયે આ કવિઓ બોધકતા કે પ્રચારવેડામાં અટવાયા વિના એકાગ્રભાવે સૌન્દર્યનિષ્ઠ કવિતા સિદ્ધ કરવાની મથામણમાં રહ્યા જણાય છે. અહંકાર, કટુતા, કૃપણતા ને કર્કશતાથી બચીને આ કવિઓએ મુક્તપણે કાવ્યપદાર્થની માવજત કરવાનું યોગ્ય માન્યું છે.

પ્રહ્‌લાદ પારેખ લઘુકાવ્યોના સર્જક છે. કવિ તરીકેની સચ્ચાઈ અને કસબી-કલાકાર તરીકેની સફાઈ પાર્વતી-પરમેશ્વરની જેમ તેમની કવિતામાં સાયુજ્યભાવે રહેલાં જણાય છે. પ્રકૃતિ તેમ જ સંસ્કૃતિનાં અનેક આકર્ષક તત્ત્વોનો લીલામય આવિષ્કાર એમની કવિતામાં જોઈ શકાય છે.

જેના કારણે એમના પહેલા કાવ્યસંગ્રહને 'બારી બહાર' શીર્ષક મળ્યું છે તે માત્ર એમની જ નહીં, ગુજરાતી કવિતાનીયે એક ઉત્તમ ઉપલબ્ધિ છે.

આ કાવ્યનો આરંભ થાય છે નીચેની પંક્તિઓથી –

*"વર્ષોની બંધ બારીને આજ જ્યારે ઉઘાડતો,*
*'આવ', 'આવ', દિશાઓથી સૂર એ કર્ણ આવતો."*

અહીં માત્ર ઘરની જ નહીં પોતાના હૃદયની – સંવિતની અને દૃષ્ટિની બારીયે ઉઘાડવા સુધી કવિ પહોંચે છે ! પવન, પંખી, કિરણ, ઝરણ, રસ્તાની ધૂળ, ખેતરનાં ડૂંડાં, 'સમ્રાજ્ઞી-

શી' વાદળી, 'ગાતાં કુસુમ' જેવાં બાળક, યુવતી અને સાધુ જેવાં પ્રકૃતિનાં – ચરાચર સૃષ્ટિનાં અનેક સત્ત્વો કવિને આકર્ષે છે. તેઓ દ્વારા કવિ સમુદાર સ્વાગત પામે છે. કવિનો સત્ત્વોદ્રેક કાવ્યમાં સાદ્યંત ઊછળતો – વિકસતો પામી શકાય છે. કવિને માટે સમસ્ત પ્રકૃતિ ચૈતન્યમય છે, તેથી જ એમની કવિતામાં સજીવારોપણનું અલંકારતત્ત્વ સહજતયા સંસિદ્ધ થયેલું અનુભવાય છે. આ કવિની પ્રકૃતિ તેમ જ સંસ્કૃતિપ્રેરિત સંવાદગોષ્ઠિ કવિતાનું એક વિલક્ષણ આકર્ષણ નિપજાવીને રહે છે.

આ કવિ વર્ષાપ્રેમી છે. તેમનાં વર્ષા-વિષયક અનેક કાવ્યો જાણીતાં છે. તેઓ પુષ્પપ્રેમી (જૂઈ, કામિની, શિવલી વગેરેના) પણ છે. તેઓ ઉષાપ્રેમી છે ને નિશાપ્રેમીયે છે. તેમને તો અંધારું શણગારવાનુંયે ગમે છે. 'આજ' નામના ઝૂલણામાં બંધાયેલા કાવ્યમાં કવિ કહે છે :

''આજ અંધાર ખુશબોભર્યો લાગતો,
આજ સૌરભ ભરી રાત સારી;
આજ આ શાલની મંજરી ઝરી ઝરી
પમરતી પાથરી દે પથારી.''

પ્રહ્‌લાદ પારેખે અહીં શબ્દસૌન્દર્ય તેમ જ નાદસૌન્દર્યની જે પ્રકારે સંપૃક્તિ સાધી છે તે આસ્વાદ્ય છે. ઉમાશંકરે પ્રહ્‌લાદ પારેખની કવિતાને 'નીતરાં પાણી' જેવી કહી તેમાંના પ્રસાદગુણને રમણીય રીતે ઉપસાવી આપ્યો છે. વળી એમની કવિતાને આંખ, કાન અને નાકની કવિતા કહીને તેમની કવિતામાં ઇન્દ્રિયગ્રાહ્યતાનો–ઇન્દ્રિયસંતર્પકતાનો –ઇન્દ્રિયવ્યત્યયનો જે ગુણ છે તે પણ સદૃષ્ટાંત તારવી બતાવ્યો છે.

પ્રહ્‌લાદ પારેખની કવિતા કણ્વ ઋષિના આશ્રમમાં ઊછરેલી શકુંતલા સમી છે. અકૃતકતા–સ્વાભાવિકતા એના રૂપસૌન્દર્યના નિર્મળ નિખારમાં વરતી શકાય છે. પ્રહ્‌લાદની રસિકતા સંસ્કારિતાની મર્યાદામાં વિકસેલી છે. એમની આધ્યાત્મિકતા વાસ્તવિકતાની ભૂમિકામાં રહીને પ્રગટેલી છે. અદ્‌ભુત રસોનું પાન કરનારા આ કવિ માનવતાના ને સ્નેહસિક્ત સંવાદિતાના ગાયક છે. તારલાઓને 'શુચિતાનાં પ્રતીક' કહેનાર આ કવિનાં કાવ્યો પણ શુચિતાનાં – સૌન્દર્યરસિકતાનાં પ્રતીક જેવાં ન લાગે તો જ નવાઈ.

આ કવિ તરલ-મધુર ભાવો આબાદ રીતે કવિતામાં પકડી બતાવે છે; દા.ત.,

''ક્યારે રે બુઝાવી મારી દીવડી, ક્યારે તજી મેં કુટિર;
કઈ રે ઋતુના આભે વાયરા, કઈ મેં ઝાલી છે દિશ :
નહીં રે અંતર મારું જાણતું.''

*

"અમને ન આવડે કંઈ દિલડાંની વાત,
કે'તાં દિલડાંની વાત.–
દિલડાંની વાતું એવી,
વાદળ માંહ્યલી વીજળી જેવી :
હે જી એને કેમ રે બંધાય,
એને કેમ રે ઝલાય,
એથી અમે આવ રે અગ્ન્યાન. –"

આ કવિનો કાન તો એવો સરવો છે કે ભણવા ટાણે નાનકા તળાવનો સાદ પણ તે સાંભળી શકે ! મુક્ત હવા ને મસ્ત હવાનું આ કવિને ખેંચાણ રહે છે. તેથી જ જ્યાં જ્યાં સ્નેહ ને સૌન્દર્ય, જ્યાં જ્યાં મુક્તિ ને માધુર્ય ત્યાં ત્યાં આ કવિની કવિતાનાં પગલાંની રમણીય લિપિ અંકાયેલી પામી શકાય છે. કવિનો ઉઘાડ પ્રકૃતિના ખોળે ને માનવતાના મેળે સવિશેષ પમાય છે.

આ કવિને હાથી પર છાલકાં હોય, ગધ્ધા પર અંબાડી હોય એવી વિષમતાનું દર્શન જરૂર થયું છે; પરંતુ તેથી તેઓ કડવા, કૃપણ કે કઠોર થતા નથી. ભુંડોના ઉત્પાતના એ જાણતલ છે. મશીનની માનવ ઉપરની સવારી એ જોઈ શક્યા છે ને તેથી જ તેઓ હવે પોતાની રીતે, પોતાની પ્રતીતિના જોરે, પોતાના ભરોસે ચાલવા કૃતનિશ્ચય બને છે. જેને પરમ તત્ત્વમાં ઇતબાર હોય તેનો બેડો પાર પડવાની આ કવિને શ્રદ્ધા છે. આ કવિ એ રીતે જીવનની સર્જનાત્મક શક્તિના ઉદ્‌ગાતા, આસ્તિક કવિ છે. તેઓ એકલતાની વેદનાને જાણનારા તો એકાન્તનો મહિમા સમજનારા કવિ પણ છે. તેઓ 'ગાનને મારગ' ગીતમાં કહે છે :

"હાલો, મારા ગાનને મારગ હાલો રે !
ગાનના મારગ મારા જાયે ગગનમાં,
જાયે ધરામાં, એ તો જાયે પવનમાં;
જાયે એ માનવ કેરા મનમાં, હાલો રે ! –

'પારવતી સતી' જેવી ધરતીના તાપે તપ્ત થનારા આ કવિ તો મેહુલો જુએ તો વરસી પડે ને સુધાભરી તારકપ્યાલીઓ જો મળી જાય તો મહેફિલો માંડી દે ! બાલમુકુન્દ દવેએ એટલે જ એમને શ્રદ્ધાંજલિ અર્પતાં લખેલું :

"મેહુલો ગાજે ને બન્ધુ, આવે તારી યાદ;
નીતરે નેવાં કે આ તે વરસે પ્રહ્‌લાદ ?!"

ગાંધીયુગના આ ગરવા અને નરવા કવિને શતાબ્દી-વંદના !

૨૯–૯–૨૦૧૧ **– ચંદ્રકાન્ત શેઠ**

# શું આપણે આવું જીવન ન જીવી શકીએ ?

ઈશોપનિષદના ઋષિએ તો માનવજાતને એવું વરદાન આપ્યું છે કે कुर्वन्नेव हि कर्माणि जीजीविषेत् शतम् भव । કામ કરતાં કરતાં સો વર્ષ જીવો. સાથે સાથે સો વર્ષ જીવવાની ચાવી પણ બતાવી – કામ કરતાં કરતાં.

આયુર્વેદ નિરામય કેમ રહેવું તે શીખવે છે. જેના શરીરમાં ત્રણે દોષ સમાન પ્રમાણમાં હોય તે વ્યક્તિ નિરામય કહેવાય. વાત, પિત્ત અને કફ, આ ત્રિદોષ, પરંતુ આવી નિરામય અવસ્થા જવલ્લે જ કોકમાં જોવા મળે.

વ્યવહારમાં એવું દેખાય છે કે કોઈકની પ્રકૃતિ વાતપ્રધાન હોય છે. તો કોઈકની પિત્ત અને વળી કોકની કફ. એટલું જ નહીં, કેટલાકની પ્રકૃતિ વાત-કફ-મિશ્ર હોય તો કોકની વાત-પિત્ત, તો વળી કોકની પિત્ત-કફ. આમ ઘણાની મિશ્ર પ્રકૃતિ હોય છે. કહેવાય છે કે જો ત્રણે દોષો એકસાથે ઉગ્ર અને વિષમ થાય તો વ્યક્તિનું મૃત્યુ થાય.

દિનચર્યામાં પણ સવારે કફ પ્રકોપિત હોય છે, બપોરે પિત્ત અને રાત્રે વાત. ઉંમરમાં પણ બાલ્યવયમાં કફ, યુવાનીમાં પિત્ત અને વાર્ધક્યમાં વાત વધુ પ્રકોપિત થાય છે.

આયુર્વેદે આહાર-વિહારમાં કઈ પ્રકૃતિવાળા માટે કયો આહાર પથ્ય અને કયો અપથ્ય તેની મીમાંસા કરી છે, કે જેથી વ્યક્તિ પોતાની પ્રકૃતિને અનુરૂપ પરહેજી પાળી તંદુરસ્ત રહી શકે.

આયુર્વેદ તો ત્યાં સુધી કહે છે કે જો દર્દી પથ્ય આહાર લે તો ઔષધ લેવાની જ જરૂર ઊભી ન થાય. યોગ્ય આહાર એ જ ઔષધ. પણ જો દર્દી યોગ્ય આહાર ન લે તો પછી ઔષધ લેવાથી તેને શું ફાયદો થાય ?

पथ्येषु किम् औषधम् ।
अपथ्येषु औषधम् किम् प्रयोजनम् ।।

આમ આયુર્વેદે ત્રિદોષ સામ્ય રાખી નિરામય રહેવાનું વિજ્ઞાન આપ્યું છે.

માણસના શરીરમાં જેમ ત્રિદોષ છે તેમ તેના મનમાં ષડ્‌વિકાર પણ છે : કામ, ક્રોધ, મદ, લોભ, મોહ અને મત્સર. આ વિકારોનું–દોષોનું પણ શમન કરવાના ઉપાયો પ્રયોજવા પડે.

ધર્મશાસ્ત્રે તો આ છ વિકારોને ષડ્‌રિપુ કહી તેમનું દમન કરવાની વાત કહી છે. પણ વિજ્ઞાનના નિયમ મુજબ દડો જેટલો જોરથી દબાવો એટલા જોરથી ઊછળે. એટલે દમન નહીં પણ શમન, એ વધુ વ્યવહારુ ઉપાય છે. તેથી મનોવૈજ્ઞાનિક ઉપાયો યોજી તેમનું શમન કરવું ઉચિત છે. હકીકતમાં આ 'ષડ્‌રિપુ' નથી પણ 'ષડ્‌મિત્ર' છે–જો તેનું

ઊર્ધ્વીકરણ કરીએ – ચૅનલાઇઝેશન કરીએ તો. આ બધા તો શક્તિના દિવ્યસ્રોત છે. તે અંગે વિધાયક દૃષ્ટિકોણથી ચિંતન કરવાની જરૂર છે. એમ થાય તો વ્યક્તિ જીવન-ઊર્જાના અખંડ સ્રોતથી ઊભરાતી બની જાય.

નિરામય જીવન જીવવાનાં ચાર વાનાં વચ્ચે તાલ-મેળ હોવો જોઈએ. તે છે – ૧. સમ્યક વ્યવહાર, ૨. સમ્યક વિહાર, ૩. સમ્યક વ્યાયામ, ૪. સમ્યક મનોવ્યાપાર.

આજના યુગમાં ભદ્રવર્ગમાં આહાર અને વ્યાયામની સભાનતા આવી છે. પણ વિહાર અને મનોવ્યાપાર અંગે એવી સભાનતા નથી. દિનચર્યા, ઋતુચર્યા મુજબ જીવવાની સભાનતા નથી. મોડા ખાવું, મોડા સૂવું, મોડા ઊઠવું, પછી ભાગંભાગ-દોડાદોડ. ગભરાટિયું, ઉતાવળિયું જીવન. કોઈ ક્રિયા શાન્ત, એકાગ્ર મનથી, દત્તચિત્તથી ન થાય. ઉત્તેજના, ઉશ્કેરાટ શા માટે ? કમાવા. શું કમાવા ? રૂપિયા-ડૉલર. પણ કેટલા ? લક્ષાધિપતિને કરોડપતિ થવું છે, કરોડપતિને કરોડાધિપતિ થવું છે. જેટલા મળે તેટલા ઓછા પડે છે. પૈસા આવ્યા પછી શું ? સત્તા જોઈએ. બસ બધું 'જોઈએ-જોઈએ ને જોઈએ.'

આવા વિહારમાં સમ્યક મનોવ્યાપાર ક્યાંથી રહે ? પરિણામે શરીર અનેક વ્યાધિથી ગ્રસ્ત થઈ જાય. ડાયાબિટીસ, બી.પી., હાર્ટઍટૅક, બાયપાસ-સર્જરી – આમ કરતાં-કરતાં અકાળે જીવનને જ બાય-બાય કરવાની દશા આવી જાય અથવા પરવશ થઈ જવાના દહાડા આવે. માણસ બધું વિચારે છે પણ 'આ જીવન' વિશે કેટલું વિચારે છે ? જીવન સંબંધમાં છે. આપણા સંબંધો કેવા છે ? પ્રેમભર્યા, ઉદારતાભર્યા, પરાર્થે ઘસાવાની ભાવનાવાળા છે ખરા ?

જગતમાં ઘણું બધું ખરાબ છે. તેની પીંજણ કરવા પાછળ કેટલો સમય જાય છે ? એથી થતું પોતાનું જ માનસિક પ્રદૂષણ પોતાને માટે કેટલું ઝેરી બની જાય છે એનો કદી વિચાર કરીએ છીએ ખરા ?

સાચું તો એ છે કે જીવનમાં ઘણું બધું સારું છે. ઠેર ઠેર નામ-કીર્તિની ખેવના વિના કેટલાંય સજ્જન સ્ત્રી-પુરુષો અદ્‌ભુત કામ કરી રહ્યાં છે. તે દેખાય છે ? જુઓ; દેખાશે. તો આપણે પણ વિધાયક દૃષ્ટિકોણ રાખી જીવીએ તો જીવન સુંદર છે, જગત પણ સુંદર છે. આવું જીવન જીવનારને જે ઊંડો આત્મસંતોષ મળે છે તેની સામે જગતનાં બધાં જ ભૌતિક સુખો તણખલા બરાબર છે.

આવી વ્યક્તિ તનથી નિરામય, મનથી પ્રસન્ન અને આત્માના આનંદથી ઊભરાતું જીવન જીવી પોતાની આસપાસના વાતાવરણને પણ મઘમઘતું કરે છે.

જાતને પૂછીએ કે શું આપણે આવું જીવન ન જીવી શકીએ ?

**– ગોવિંદભાઈ રાવલ**

# પ્રો. કાન્તિલાલ વ્યાસના સ્વાધ્યાય-લેખોનો સંચય

'સ્વાધ્યાય-વિશેષ' એ ગ્રંથમાં જૂની ગુજરાતી અને ભાષાશાસ્ત્રના અભ્યાસી પ્રો. કાન્તિલાલ વ્યાસના બત્રીસ અભ્યાસલેખો છે. આ લેખો એમની વ્યુત્પન્ન પ્રતિભાના નિદર્શનરૂપ છે. અહીં જૂની ગુજરાતી વિષયક લેખો ઉપરાંત અર્વાચીન સાહિત્ય વિશેના લેખો છે અને સંસ્કૃત સાહિત્યનો સ્વાધ્યાય પણ સુલભ થયો છે. 'વિવેચનનું કર્તવ્ય'થી માંડી 'સત્તરમા શતકની ચિત્રકલા' સુધીના લેખોમાં પ્રો. કાન્તિલાલ વ્યાસની બહુશ્રુત વિદ્વત્તા વર્તાય છે. શાસ્ત્રીયતાના આગ્રહી આ વિદ્વાને કૃતિલક્ષી, સ્વરૂપલક્ષી ને કર્તાલક્ષી લેખો લખ્યા છે. પ્રબંધ અને ફાગુકાવ્ય વિશે સ્વરૂપાત્મક ને વિકાસાત્મક લેખોમાં એ સ્વરૂપની વિશદ છણાવટ કરી છે 'વસંતવિલાસ'નું નમૂનેદાર સંપાદન કરનાર આ સંશોધકે એ કૃતિનું રસમય વિવેચન અહીં ઉપલબ્ધ કરાવ્યું છે. એમણે 'વસંતવિલાસ'ને 'વિલક્ષણ સૌન્દર્યવતી રચના' કહી છે જ્યારે 'કાન્હડદે પ્રબંધ' એમને 'અસાધારણ મહત્ત્વવાળી રચના' જણાઈ છે. પણ 'એક કાવ્યકૃતિ તરીકે પણ એનું ભાષાસૌંદર્ય અને એની અનેક વિશેષતાઓ ઊડીને આંખે વળગે એવાં' એમને લાગ્યા છે. 'ભરતેશ્વર બાહુબલિ રાસ'નો કૃતિલક્ષી પરિચય એમણે આપ્યો છે.

પ્રો. કાન્તિલાલ વ્યાસે ગોવર્ધનરામ ત્રિપાઠીને 'આર્ષદ્રષ્ટા' કહ્યા છે અને એમની મનભર નવલકથા સરસ્વતીચંદ્રની વિગતે સમાલોચના કરી છે તો એમની સ્ક્રૅપબુકના આધારે એ મહામનીષી સર્જકે સાહિત્યાર્થે જીવન સમર્પણ કર્યું તે ઘટના પર પ્રકાશ ફેંક્યો છે. એમણે નોંધ્યું છે : 'આ નોંધપોથીઓ સોનાના મૂલની છે, જેમાં વચ્ચે વચ્ચે મનોહર રત્નકણિકાઓ સમા ખંડો સોહે છે. આમાં ગુજરાતના આ દોઢ સૈકાના સૌથી મહાન સાહિત્યસ્વામીનું મનોમંથન અને ચિંતન જળવાયું છે. વિસ્મૃતિના ગર્ભમાંથી આ નોંધપોથીઓ આટલે વખતે સુંદર રૂપે પ્રકાશમાં આવી એ ગુજરાતનું પરમ સદ્‌ભાગ્ય છે.' ગોવર્ધનરામ ત્રિપાઠી ઉપરાંત બ. ક. ઠાકોર, મુનશી, રા. વિ. પાઠક 'શેષ'ના સાહિત્યસર્જનનાં ચોક્કસ પાસાંને અનુલક્ષીને વિવેચના કરી છે. ઠાકોરને એમણે 'ગુજરાતી સાહિત્યના ક્ષેત્રે એક અસાધારણ શક્તિશાળી ઘટના (phenomenon)' ગણાવ્યા છે અને એમની પ્રકૃતિકવિતામાં આવતું વર્ણન 'આપણા આ લોકની પ્રકૃતિ'નું જણાયું છે. 'સૌએ સ્પર્શેલી, જોયેલી, અનુભવેલી, માણેલી, છતાંય અદ્‌ભુત ચિત્તાકર્ષક લાગતી સુંદરતાનું દર્શન ઠાકોરે કરાવ્યું છે.' એવું પ્રો. વ્યાસનું તારણ છે. એમણે કરેલાં અવલોકનોમાં તટસ્થતા સાથે કૃતિનું મૂલ્યાંકન જોવા મળે છે.

ભલે ચર્ચાપત્ર રૂપે લખાયેલ હોય તેમ છતાં ભાષાશાસ્ત્રની ઊંડી જાણકારી વ્યક્ત કરતો લેખ 'ગુજરાતી ભાષાની ઉત્ક્રાંતિ : કેટલાક ચિંત્ય મુદ્દાઓ' મહત્ત્વનો લેખ છે.

મધ્યકાલીન સાહિત્યનો અભ્યાસ કરતા પ્રો. કાન્તિલાલ વ્યાસે રસ પડે તેવા વિષયના લેખો કર્યા છે તે છે ‘મધ્યકાલીન ગુજરાતનું જમણ’, ‘મધ્યકાલીન ગુજરાતનું વાણિજ્ય’ અને ‘મધ્યકાલીન ભારતવર્ષમાં એખલાસભર્યા હિન્દુ-મુસ્લિમ સંબંધો’. જમણ અને વાણિજ્યની વિગતો ગુજરાતના જીવનનો તથા વેપારનો આલેખ બની રહે છે.

‘વસંતવિલાસ’નું સંપાદન કરતાં એમાંનાં ચિત્રો વિશે એમણે વિચાર કર્યો અને તેના સંદર્ભે પ્રો. કાન્તિલાલ વ્યાસે ‘સત્તરમા શતકની ગુજરાતી ચિત્રકલા’ જેવો સુંદર લેખ આપ્યો. એમના મતે ગુજરાતી ચિત્રકલાનો ઉદ્‌ગમ ઈ. સ. ૧૧૦૦થી થયેલો છે. ગુજરાતી ચિત્રકલાની વિશિષ્ટતા તેના રેખાંકનમાં હોવાનું એમને લાગ્યું છે. એમણે નોંધ્યું છે : ‘એનું રંગવિધાન ઊડીને આંખે વળગે એવું સચોટ છે, પણ એની ખૂબી તો રેખાગુંફનમાં જ છે. ઉતાવળે કાઢેલી રેખાકૃતિઓ તમામ પ્રસંગોનું નિરૂપણ કરે છે. એમાં સચોટ સાદૃશ્ય કે મનોહારી લાવણ્ય નથી, પણ પ્રસંગનિરૂપણમાં, વૃત્તાન્તકથનમાં આવશ્યક પ્રતીકો નિમેષમાત્રમાં ખડાં કરી દેવાનું સામર્થ્ય એમાં છે.’

‘સંસ્કૃત નાટકોમાં વિદૂષક’, ‘શંકરાચાર્યનાં સ્તોત્રો’ અને ‘કિરાતાર્જુનીયમ્’ એ લેખો રુચિર બન્યા છે. અલબત્ત, એમનો અભ્યાસ અછાનો રહેતો નથી. ‘રુદ્ર’ એ લેખ પણ એમની સંશોધનવૃત્તિનો દ્યોતક છે.

ચાર-પાંચ દાયકા પૂર્વે લખાયેલા આ લેખો પ્રો. કાન્તિલાલ વ્યાસની વિદ્વત્પ્રતિભાના દ્યોતક છે. એમનું વિવેચન એમની રસમય અને જ્ઞાનમય સંવિત્‌ને નિર્દેશે છે. તેઓ કશુંય અસ્પષ્ટ કે ધૂંધળું રાખતા નથી. આ લેખો રુચિર છે તો મૂલ્યવાન પણ છે જ. એમની સંશોધકપ્રતિભા ઠેર ઠેર વર્તાય છે. સવિગતે ને સાધાર લખવું એમની લેખનતાસીર છે. ભાષા પરનું અદ્‌ભુત પ્રભુત્વ છે. એમણે ‘વિવેચનનું કર્તવ્ય’ લેખમાં વિવેચન-વિવેચક વિષે જે દર્શાવ્યું છે તે એમના આ સ્વાધ્યાય-લેખોમાં પમાય છે. આ સ્વાધ્યાય-લેખોથી ગુજરાતી ભાષાની શ્રી ને સંપત્તિનો સાર્થ પરિચય ઉપલબ્ધ થાય છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થયેલ આ ગ્રંથનું સંપાદન ડૉ. પ્રફુલ્લ રાવલ અને ડૉ. ભારતી પંડ્યાએ કર્યું છે. પ્રો. કાન્તિલાલ વ્યાસના ચાર-પાંચ દાયકા પૂર્વેના પ્રસિદ્ધ થયેલા લેખોનું સંશોધન કરીને અહીં સંગ્રહિત કરવામાં આવ્યા છે. આ પુસ્તક ગુજરાતી ભાષાશાસ્ત્ર અને જૂની ગુજરાતીના અભ્યાસુઓ માટે અત્યંત મૂલ્યવાન ગ્રંથ બની રહેશે.

[‘સ્વાધ્યાય-વિશેષ’ : સંપાદક : ડૉ. પ્રફુલ્લ રાવલ અને ડૉ. ભારતી પંડ્યા, પ્રકાશક : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૧, પૃ. ૩૧૬, કિંમત રૂ. ૨૮૦]

# તસવીર પીધી

મેઘાણીએ જેને 'રઢિયાળી રાત'નો ભાગ ચોથો અર્પણ કર્યો છે તે ''બગવદરનાં મેરાણીબહેન ઢેલી''ને થોડાં વર્ષો પહેલાં મળવાનું થયેલું.

'રઢિયાળી રાત' તેમને અર્પણ થયાનું સ્મરણ હતું. એટલે મેઘાણી વિશે પૃચ્છા કરી : મેઘાણી અહીં ક્યારે આવેલા ? શું બન્યું હતું ? વગેરે. ઢેલીઆઈ વાતડાહ્યાં જાજ્વલ્યમાન મેરાણી છે. તેમણે આખી વાત માંડીને કહી :

મને ગીતો બહુ યાદ છે, એવું સાંભળીને મેઘાણીભાઈ એક દિવસ આવ્યા. ધોળાં ધોળાં લૂગડાંમાં મોટી મોટી આંખો નીચી ઢાળીને મારે આંગણે ઈ ઊભા હતા. જોતાં જ આવકાર દેવાનું મન થાય એવો માણસ ! મેં તો ઓટલીએ ગોદડું પાથરી દીધું ને બેસાડ્યા. હું હેઠે બેસવા જતી હતી, ત્યાં પગે પડીને ''હં...હં...હં, તમે અહીં ઉપર બેસો, નહીંતર હુંય નીચે બેસું;'' એમ કહીને મનેય ઉપર બેસાડી. પછી તો એમને જે ગીતો જોતાં'તાં તેની અરધી અરધી કડીઓ પોતે બોલે, ને હું ગીત પૂરું કરી દઉં. પોતે નીચે મૂંડકી રાખીને ઝીણા ઝીણા અક્ષરમાં ટપકાવ્યે જાય. મને ગીત ગાયા વિના બોલતાં ન આવડે, એટલે પોતે હસે. હું તો જેના જેવા રાગ તેમ મન મૂકીને હલકો કાઢીને ગાઉં ! આજુબાજુનાંય ભેળાં થઈ ગયાં અને છેક બપોર સુધી ગીતો ગાયાં.

જમવા બેઠા. પાટલો ઢાળ્યો હતો, પણ પોતે પાટલે ન બેઠા. હું નીચે બેઠી બેઠી રોટલા ઘડતી હતી, તે પોતેય નીચે બેઠા ! ઘણું કહ્યું, તો કહે : ''રોટલા ઘડનારી નીચે બેસે અને ખાનારો ઊંચે બેસે, એ ક્યાંનો ન્યાય ?'' મને તો અમારા ગાર્યવાળા ઘરમાં એનાં લૂગડાં બગડે એનો જ ભે હતો, પણ પોતે એકના બે ન થયા. અને હજી તો પૂરા જમી ન લે એની મોર્ય તો આખું ગામ ઓસરીમાં ભેળું થઈ ગયું. અમારી કોમમાં ગીતો ગાવાં-સાંભળવાં બહુ ગમે.

જમીને એમણે એક ગીત ગાયું. અસલ અમે ગાઈએ એ જ ઢાળમાં. અમે તો બધાં એના મોઢા સામું જ જોઈ રહ્યાં ! –ને પછી તો એક પછે એક.... રોંઢો ઢળ્યા સુધી એની પાસે ગવડાવ્યે જ રાખ્યું. પછી અમારો વારો આવ્યો. અમે આઠદશ બાયુંએ ગીત ગાવા માંડ્યાં, પણ બધી બાયું ભેળી થાય, એટલે બેસીને કેમ ગવાય ? થયાં ઊભાં અને ફળિયામાં જ રાસડા માંડ્યા ! પોતે તો હમણાં ઢગલોએક હસી નાખશે એવા થતાં થતાં કાગળિયાંમાં ટપકાવ્યે જાય. જોણાં ને રોણાંને તેડું થોડું હોય ? ઢગ બાયું ભેગી થઈ અને અંધારું થયા લગી રાસડા હાલ્યા. વાળુ કરીને પાછાં ભેળાં થયાં, તે એક પછી એક નવાં નવાં ગીત મધરાત સુધી ગાયાં. છેલ્લે પોતે થોડાંક મરકડાં કીધાં અને સહુને હસાવ્યાં.

→

## જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણીના ઉપક્રમે ઑક્ટોબર મહિનામાં બે વ્યાખ્યાનો સાંજે પાંચ વાગ્યે શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહમાં યોજવામાં આવ્યાં છે :

**૧૨ ઑક્ટોબર ૨૦૧૧, બુધવાર** : વિષય : આદિવાસી મહાકાવ્યોમાં નારીચિત્રણ
વક્તા : શ્રી ભગવાનદાસ પટેલ

**૧૯ ઑક્ટોબર ૨૦૧૧, બુધવાર** : વિષય : એન્ટાર્કટિકા કે મેરે સ્મરણ ઔર ગ્લોબલ વૉર્મિંગ
વક્તા : શ્રી અભય પોતદાર

## અન્ય કાર્યક્રમો

**◈ ૧૫ ઑક્ટોબર, ૨૦૧૧, શનિવાર, સવારે ૯-૩૦ :**

રવીન્દ્રભવન, ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે રવીન્દ્રસંગીત અને 'My Tagore, Why Tagore' વિશેનો પરિસંવાદ યોજવામાં આવ્યો છે. ૧૪મી ઑક્ટોબરે રાત્રે સાડા આઠ વાગ્યે ગુજરાતી સાહિત્ય પરિષદમાં યોજાયેલા રવીન્દ્રસંગીતમાં દેબાશિષ, રોહિણી રાયચૌધરી અને વિલિયમ રેડિસ રવીન્દ્રસંગીત પ્રસ્તુત કરશે. જ્યારે ૧૫મી ઑક્ટોબરે ૯-૩૦થી ૪-૩૦ દરમિયાન ગુજરાત વિશ્વકોશ ભવનમાં 'My Tagore, Why Tagore' વિશેનો પરિસંવાદ શ્રી શંખ ઘોષની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો છે, જેમાં વિલિયમ રેડિસ, પાર્થ ઘોષ, આર. શિવકુમાર, માર્ટિન કેમ્પરો, પ્રબોધ પરીખ અને નિરંજન ભગત ટાગોરનાં વિવિધ પાસાંઓ વિશે વક્તવ્ય આપશે.

---

←

થોડાંક રહી જતાં હતાં તે ગીત સવારે પણ મેં ગાયાં. અને પોતે તો મારાં વખાણ કરતાં કરતાં નીચી મૂંડકી રાખીને લખ્યે જાય. મનેય ગીત બહુ મોઢે – સવારોસવાર ગાઉં, પણ એકેય ગીત બીજી વાર ન આવે.

અહીંથી પોતાને બખરલા જવું હતું, એટલે શિરામણ કરીને ગાડું જોડ્યું, પણ પોતે કહે : "હું ગાડામાં નહીં બેસું ; એક જીવ તાણે ને બીજા જીવથી અમથું અમથું નો બેસાય." સંધાયની આંખમાં પાણી આવી ગયાં. પોતે લૂગડાં સંકોરતાં સંકોરતાં સૌને હાથ જોડીને ચાલતા થયા. ઓહોહો ! આવો માણસ...!

મેઘાણીભાઈની તસવીર, નેવું વરસ વટાવી ચૂકેલાં ઢેલીઆઈની આંખમાંથી મેં પીધી !

**– નરોત્તમ પલાણ**

*('ઝવેરચંદ મેઘાણી સાથે વાચનયાત્રા'માંથી)*

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં પ્રકાશનો

| | | કિં. રૂ. |
|---|---|---|
| ● | બાળવિશ્વકોશ ખંડ-૧ | ૬૦૦ |
| ● | બાળવિશ્વકોશ ખંડ-૨ | ૭૦૦ |
| ૧. | ગાંધીચરિત (ત્રીજી આવૃત્તિ) | ૧૨૦ |
| ૨. | કૅન્સર (ચોથી આવૃત્તિ) | ૧૫૦ |
| ૩. | નાટક દેશવિદેશમાં | ૧૩૦ |
| ૪. | ભારત : પ્રતિભા અને પરિદર્શન | ૫૦૦ |
| ૫. | સિદ્ધાન્તસારનું અવલોકન | ૭૦ |
| ૬. | નાટ્યતાલીમના નેપથ્યે | ૧૨૦ |
| ૭. | ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકો (માહિતીકોશ) (બીજી આ.) | ૪૫૦ |
| ૮. | ભૂકંપ : માહિતી અને ઘટના | ૬૦ |
| ૯. | વિરલ વિભૂતિ વિક્રમ સારાભાઈ (બીજી આવૃત્તિ) | ૧૦૦ |
| ૧૦. | મેઘાણીચરિત (બીજી આવૃત્તિ) | ૮૦ |
| ૧૧. | પ્રવાસી પિરામિડનો | ૨૦ |
| ૧૨. | ગુજરાતી રંગભૂમિ : રિદ્ધિ અને રોનક | ૪૫૦ |
| ૧૩. | લોકશાહી | ૬૦ |
| ૧૪. | જતીન્દ્ર-વિશેષ | ૨૦૦ |
| ૧૫. | ડાયનોસૉર | ૧૦૦ |
| ૧૬. | રેલવેની વિકાસગાથા | ૧૦૦ |
| ૧૭. | જનીનવિજ્ઞાન (genetics) | ૬૦ |
| ૧૮. | લોકવિદ્યા-પરિચય | ૧૦૦ |
| ૧૯. | આપણાં રાષ્ટ્રીય પ્રતીકો (બીજી આવૃત્તિ) | ૯૦ |
| ૨૦. | લિપિ | ૭૦ |
| ૨૧. | ભૂમિતિ : સ્વરૂપ અને પ્રકાર | ૮૦ |
| ૨૨. | તરસ્યા મલકનો મેઘ | ૧૫૦ |
| ૨૩. | શબ્દનું સખ્ય | ૨૦૦ |
| ૨૪. | શહીદ વિનોદ કિનારીવાલા | ૮૦ |
| ૨૫. | જાંબુડિયા રંગનું ફૂલ અને બીજાં | ૮૦ |

| | | કિં. રૂ. |
|---|---|---|
| ૨૬. | તળની બોલી | ૧૩૦ |
| ૨૭. | ગુજરાત (ત્રીજી આવૃત્તિ) | ૪૦૦ |
| ૨૮. | Gujarat | ૬૫૦ |
| ૨૯. | હસ્તપ્રતવિજ્ઞાન | ૨૦૦ |
| ૩૦. | અભિનેય નાટકો (ભાગ ૧) | ૧૫૦ |
| ૩૧. | વિશ્વકોશવિમર્શ | ૧૨૦ |
| ૩૨. | ગુજરાતી ગ્રંથસૂચિ (વર્ષ ૨૦૦૬) | ૧૫૦ |
| ૩૩. | ગુજરાતી ગ્રંથસૂચિ (વર્ષ ૨૦૦૭) | ૧૫૦ |
| ૩૪. | વિશ્વનું શિલ્પ-સ્થાપત્ય | ૨૦૦ |
| ૩૫. | પૃથ્વીનો ભૂસ્તરીય ઇતિહાસ | ૧૬૦ |
| ૩૬. | હિન્દી મહાસાગર | ૨૦૦ |
| ૩૭. | ઊર્જા | ૧૦૦ |
| ૩૮. | વસન્ત-સૂચિ | ૨૫૦ |
| ૩૯. | સત્યની મુખોમુખ | ૩૦૦ |
| ૪૦. | સંખ્યાઓની સૃષ્ટિ | ૮૦ |
| ૪૧. | જ્ઞાનાંજન-૧ | ૨૦૦ |
| ૪૨. | જ્ઞાનાંજન-૨ | ૨૫૦ |
| ૪૩. | રતિ-વિરતિ | ૮૦ |
| ૪૪. | કેટલાક સાહિત્યિક વિવાદો | ૨૨૦ |
| ૪૫. | રસાયણવિજ્ઞાનનો ઇતિહાસ | ૧૨૦ |
| ૪૬. | સર સી. વી. રામન | ૧૬૦ |
| ૪૭. | સંસ્કૃતિ-સૂચિ | ૩૦૦ |
| ૪૮. | સુમતિ-સર્જન ગ્રંથાવલિ ભાગ ૧ : લઘુનવલ | ૩૦૦ |
| ૪૯. | ભાગ ૨ : નાટક | ૧૩૦ |
| ૫૦. | ભાગ ૩ : કવિતા | ૨૨૦ |
| ૫૧. | ભાગ ૪ : પ્રકીર્ણ | ૧૬૦ |
| ૫૨. | સ્વાધ્યાય-વિશેષ | ૨૮૦ |



‘વર્તમાન સંદર્ભ ઔર કવિ-સંવેદના’
વિશે વક્તવ્ય આપતા
શ્રી અશોક વાજપેયી



‘પહેલો ગિરમીટિયો’
નવલકથાની સર્જનપ્રક્રિયા
વિશે વક્તવ્ય આપતા
શ્રી ગિરિરાજ કિશોર



શ્રી ભદ્રંકર વિદ્યાદીપક
વ્યાખ્યાન-શ્રેણીમાં
‘માહિતી દ્વારા સમાજનો કાયાકલ્પ’
વિશે વક્તવ્ય આપતા
શ્રી પી.સી. શાહ

RNI No. GUJGUJ/1998/4459. Permitted to post at Ahd PSO
On 5th every month under postal Regd. No. GAMC 1375
2009-11 issued by SSP Ahmedabad-9 Valid Upto 31-12-2011



ગુજરાતી ભાષા, સાહિત્ય અને
એની અસ્મિતાને ઉજાગર કરતો

# ગુજરાતી વિશ્વકોશ

**ખંડ - ૧ થી ૨૫**

૧૦૦૦ પાનાંનો એક એવા ૧ થી ૨૫ ગ્રંથો
('અ' થી 'હ' સુધી)માં
૧,૭૦૦થી વધુ વિદ્વાનો અને
લેખકોએ લખેલાં ૧૬૯ વિષયનાં
૨૩,૦૦૦થી વધુ લખાણોનો સમાવેશ.

સવા કરોડથી વધુ શબ્દસંખ્યા
અને અદ્યતન માહિતી ધરાવતો
પ્રમાણભૂત વિશાળ જ્ઞાનસંચય.

દરેક સંસ્થા, ગ્રંથાલય અને
વ્યક્તિએ વસાવવા જેવી ગ્રંથશ્રેણી.

વિવિધરંગી વાચનસામગ્રી ધરાવતા
ગ્રંથ ૧ થી ૨૫ સુધીની
આ શ્રેણીની કિંમત
રૂ. ૨૦,૮૦૦/- છે,
જે રૂ. ૧૫,૬૦૦/- માં મળશે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ